# પીપીએફ, પોસ્ટ ઓફિસ બચત વ્યાજદરમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૫

લાખો નાના બચત અને પીપીએફ ખાતા ધારકોને આજે આંશિકરીતે ફટકો પડ્યો હતો કારણ કે તેમની પોસ્ટ ઓફિસ બચત સ્કીમો પર હવે ઓછી આવક થશે. સરકારે આજે તેમના પર વ્યાજદરમાં ૦.૧૦ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો. પીપીએફ, પોસ્ટ ઓફિસ નાની બચતના વ્યાજદરમાં ૦.૧૦ટકાનો ઘટાડો કરવામાં આવતા ખાતાધારકોને ફટકો પડ્યો છે. નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. નિવેદનમાં જણાવાયુ છે કે પબ્લિક પ્રોવિડન્ડ ફંડ (પીપીએફ) પર વ્યાજદર ૮.૮ ટકાથી ઘટાડીને ૮.૭ ટકા કરી દેવામાં આવ્યો છે. પહેલી એપ્રિલ ૨૦૧૩થી ૮.૭ ટકાનો વ્યાજદર અમલી બનાવવામાં આવશે જો કે બચત થાપણ સ્કીમો પર રેટ અને પોસ્ટ ઓફિસ દ્વારા ચલાવવામાં આવતા એક વર્ષની ફીક્સ્ડ થાપણો પર રેટ ક્રમશઃ ચાર ટકા અને ૮.૨ ટકા રાકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વધુમાં માસિક આવક યોજના (પાંચ વર્ષ સુધીની પાકતી મુદ્દત) પર વ્યાજદર ૮.૪ રહેશે. પાંચ વર્ષ અને ૧૦ વર્ષ સુધીની પાકતી મુદ્દત ધરાવતા રાષ્ટ્રીય બચત પત્રો (એનએસસી)માં વ્યાજદર ૮.૫ ટકા અને ૮.૮ ટકા ક્રમશઃ



રહેશે તેમાં ૦.૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. વ્યાજદરો સમગ્ર ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષ માટે લાગુ રહેશે. સીનિયર સીટીઝન સેવિંગ સ્કીમ (એસસીએસએસ) માટેના રેટ ૯.૩ ટકાથી ઘટાડીને ૯.૨ ટકા કરી દેવામાં આવ્યા છે. ગયા વર્ષે સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય બાદ વ્યાજદરમાં સુધારો કરવામાં આવ્યો છે. માર્કેટના રેટ સાથે નાની બચતના રિટર્નને જોડી દેવા ગયા વર્ષે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા રેટ નાણાંકીય વર્ષની શરૂઆતમાં મોટા ભાગે જાહેર કરવામાં આવે છે. શ્યામલ ગોપીનાથ કમિટીની ભલામણના આધાર પર આ નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે રિટર્ન અન્ય સિક્યુરીટી દ્વારા ઓફર કરવામાં આવતા માર્કેટરેટ મુજબ હોવા જોઈએ. લાકો બચત અને પીપીએફ ધારકોને હવે પોસ્ટ ઓફિસ બચત સ્કીમથી ઓછી આવક થશે. સરકારે વ્યાજદરમાં ૦.૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યા બાદ આને લઈને સામાન્ય લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. એક બાજુ સરકારે લોકો પરથી બોજને ઘટાડવાના પ્રયાસ કર્યા છે ત્યારે બીજી બાજુ વ્યાજદરમાં ઘટાડો કરીને સામાન્યરીતે લોકોની આવક ઓછી થઈ છે. સીનિયર સીટીજનો માટે બચત સ્કીમ માટેના રેટમાં પણ ઘટાડો કરાયો છે.

## મિસઈન્ડિયા ૨૦૧૩નો ખિતાબ નવનીતના શિરે

મુંબઈ,તા. ૨૫

ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૩નો તાજ આ વર્ષે નવનીત કોર ઢિલ્લોનના નામે રહ્યો છે. રવિવારની રાત્રે ફિલ્મી સિતારાઓની હાજરીથી ભરેલા આ કાર્યક્રમમાં મિસ ઈન્ડિયા સૌંદર્ય પ્રતિસ્પર્ધાના અંતિમ તબક્કામાં નવનીતને ૫૦મી મિસ ઈન્ડિયા પસંદ કરવામાં આવી હતી.

શોભિતા દૂલીપાલા સૌંદર્ય પ્રતિસ્પર્ધાની ફર્સ્ટ રનરઅપ પસંદ કરવામાં આવી જ્યારે જોયા અફરોઝ ત્રીજા સ્થાન પર રહી પ્રતિસ્પર્ધાના અંતિમ તબક્કામાં દેશભરની ૨૩ સુંદરીઓમાંથી આ ત્રણ યુવતીઓની પસંદગી કરવામાં આવી હતી.



મિસ ઈન્ડિયાના આ કાર્યક્રમમાં બોલીવુડ અભિનેત્રી એશ્વર્યારાય અને પ્રિયંકા ચોપડા પણ હાજર રહી હતી. પ્રતિસ્પર્ધાની નિર્ણાયક ટીમમાં ફિલ્મ કલાકાર કરણ જોહર, નૃત્ય નિર્દેશક શ્યામક ડાવર, ક્રિકેટર યુવરાજસિંહ, ફેશન ડિઝાઈનર ઋતુકુમાર, અભચિનેતા જોન અબ્રાહમ, અભિનેત્રીઅસિન યોટ્ટમકલ અને ચિત્રાંગદાસિંહ પણ સામેલ હતા.

કાર્યક્રમની શરૂઆત બોલીવુડ સિતારાઓની કાર્યક્રમની પ્રસ્તુતિથી શરૂ થઈ હતી. બોલીવુડ અભિનેતા રિતેશ દેશમુખ, વિવેક ઓબરેય, આફતાબ શિવદાસાની, અભીનેત્રી ઐશ્વર્યારાય, પ્રિયંકા ચોપડા, અને સિંગર સોનુ નિગમે કાર્યક્રમ રજૂ કર્યો હતો.

આ વર્ષે મિસ ઈન્ડિયાની સ્પર્ધાએ તેની ૫૦મી વર્ષગાંઠ પૂરી કરી હતી. મિસ ઈન્ડિયા સ્પર્ધાના હરીફોની પસંદગી માટે પણ ગોવા, ઈંદોર, કોલકાતા, બેંગ્લોર, ચંદીગઢ અને દિલ્હીમાં ઓડિશન રાખવામાં આવ્યું હતું.

## રાયબરેલી સીટ પરથી પ્રિયંકા ચૂંટણી જંગમાં ઝુકાવી શકે છે

નવીદિલ્હી,તા. ૨૫

કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીની વિરાસત રાહુલ ગાંધીની સાથે સાથે પ્રિયંકા ગાંધી પણ સંભાળશે. આ વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં જયપુરમાં યોજાયેલ ચિંતિન શિબિરમાં રાહુલ ગાંધીને ઉપાધ્યક્ષ બનાવીને ઔપચારિકરૂપે પાર્ટીમાં નંબર બેના સ્થાને મૂકવામાં આવ્યા છે. અત્યારસુધી સ્વયંને સક્રિય રાજનીતિથી દૂર રાખનાર પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી સુધીમાં પોતાની ભૂમિકા સંભાળી લેશે. પ્રબળ સંકેતો મળી રહ્યા છે કે જે પ્રકારે સોનિયા ગાંધીએ રાહુલ માટે પોતાની અમેઠી લોકસભા બેઠક છોડી હતી તેવીજ રીતે પ્રિયંકા ગાંધી રાયબરેલી સંસદીય બેઠક પરથી ચૂંટણી લડશે એટલે કે પોતાના પુત્રને પતિનો વારસો સોંપી ચૂકેલા સોનિયા પોતાના સાસુ ઈન્દિરા ગાંધીની સંસદીય સીટ રાયબરેલી પુત્રી પ્રિયંકાને સોંપવા જઈ રહ્યા છે.



ઉલ્લેખનીય છે કે, હાલમાં રાયબરેલી સંસદીય ક્ષેત્રનું કામકાજ પણ પ્રિયંકા ગાંધી સંભાળી રહ્યા છે. સોનિયા ગાંધીના સંસદીય સીટના પ્રતિનિધિરૂપે આ સમગ્ર વિસ્તારમાં પ્રિયંકાએ લોકસભા ચૂંટણી લડતા પહેલા પોતાની ટીમ તૈયાર કરી લીધી છે પણ આ ટીમને મેદાનમાં ઉતારી દીધી છે. એપ્રિલથી રાયબરેલીના દરેક ગામ, બ્લોક, તાલુકા સ્તરે કાર્યકર્તાઓ 'કોંગ્રેસ તમારા દ્વારે' કાર્યક્રમ શરૂ કરી દેશે. પ્રિયંકા પણ પાયાને મજબૂત કરવાનું કામ વગર કોઈ શોર મચાયે મજબૂતાઈથી કરી રહ્યા છે. રાહુલ ગાંધી ઉપાધ્યક્ષ બન્યા બાદ તમામ કોંગ્રેસીઓનું સાંભળીને રણનીતિ બનાવવાનું જે કામ રાષ્ટ્રીય સ્તરે કરી રહ્યા છે તેનું રિહર્સલ વાસ્તવમાં પ્રિયંકા ગાંધી રાયબરેલીમાં કરી ચૂક્યા છે. તેમણે જિલ્લાના તમામ ૧૬ બ્લોકના પાર્ટીધ્યક્ષોને રૂબરૂ બોલાવી ફોર્મ ભરાવી નિમણૂંક કરી હતી. પાંચ-છ ગ્રામ પંચાયતોને એકસાથે મેળવીને ન્યાય પંચાયતના અધ્યક્ષોના સ્તર પર ચૂંટણીઓ પોતે જ યોજી હવે છેક નીચલા સ્તરથી પૂરી ટીમ તૈયાર થઈ ગઈ છે અને હવે વ્યવસ્થિત રીતે તેનું પ્રશિક્ષણ પણ ચલાવવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના વિવિધ સંગઠનોની બેઠકો યોજાઈ રહી છે તેમજ રાજ્ય એકમોના અધ્યક્ષો અને વિધાનગૃહના નેતાઓ પાસેથી પણ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી વિશે સૂચનો મંગાવાઈ રહ્યા છે તેમજ ચર્ચા-વિચારણા પણ શરૂ કરી દેવામાં આવી છે. સોનિયા ગાંધીના સમગ્ર સંસદીય ક્ષેત્રની જવાબદારી છેલ્લા ચાર વર્ષથી પ્રિયંકા જ સંભાળી રહ્યા છે. હવે અટકળોએ જોર પકડ્યું છે કે પ્રિયંકા મેદાનમાં પ્રત્યક્ષ આવશે.

## સલમાનને કોર્ટે ૮મી એપ્રિલ સુધી રાહત આપી

મુંબઈ,તા. ૨૫

અભિનેતા સલમાનખાન ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં આજે કોર્ટમાં હાજર થઈ શક્યો નહીં અદાલતે એક દસ્તાવેજ દાખલ કરવા માટે સલમાનના વકીલનો આગ્રહ સ્વીકાર કરીને સુનાવણી ૮ એપ્રિલ સુધી સ્થગિત કરી દીધી હતી સલમાન કાલે અમેરીકાથી પાછા આવ્યા હતા. તેને આશા હતીકે તે અદાલતમાં હાજર થશે કારણ કે કેસનો આ પ્રથમ દિવ્સ હતો.



આ કેસની સુનાવણી પહેલા એક જજની અદાલત કરી ચૂકી છે. આ કેસની સુનાવણીના એક દિવસ પહેલા અમેરિકાથી પાછા ફરવાના કારણે મીડિયામાં એવી ચર્ચા હતી કે સલમાન આજે અદાલતમાં હાજર થશે સેશન્સ કોર્ટના ન્યાયાધીશ યૂબી હેજિબે કહ્યું હતુંકે તે પહેલા બાંદ્રાના મેજિસ્ટ્રેટના આદેશને પડકારનારી અભિનેતાની અપીલ પર સુનવણી કરશે.

મેજિસ્ટ્રેટ સલમાનની વિરુદ્ધ જે આરોપ વધુ પડતો ગંભીર છે. અને જેમાં ગુનો સાબિત થતાં દસ વર્ષની સજા થઈ શકે છે. સલમાનના વરિષ્ઠ વકીલ અશોક મુંદરગીની તરફથી એક વકીલ હાથર થયા હતા અને તેમણે પસંદગીના દસ્તાવેજ દાખલ કરવા માટે થોડો સમય માગ્યો હતો. અદાલતે સુનવણીના બે અઠવાડિયા માટે સ્થગિત કરી દીધી છે.

## દેશમાં ગઠબંધન સરકાર જ રાજ કરશે : મુલાયમસિંહ

સાંગલી,તા. ૨૫

યુપીએ સરકારના સંકટમોચકના રૂપમાં પાછલા દિવસો દરમિયાન ઘણીવાર સામે આવેલા સમાજવાદી પાર્ટી પ્રમુખ મુલાયમસિંહ યાદવે ભવિષ્યવાણી કરી છે કે આવનાર સમયમાં પણ ગઠબંધન સરકાર જ બનશે. તેમણે જણાવ્યું છે કે, હવે દેશમાં કોઈપણ એક પાર્ટીને પૂર્ણ બહુમતી મળવાનો સમય પૂરો થઈ ગયો છે માટે દેશે હવે ગઠબંધન સરકાર જ જોવી પડશે. તેમણે એમપણ જણાવ્યું હતુ કે, આવનાર સમયમાં કોઈ એક પાર્ટીની સરકાર કદાપી બનશે નહીં. પશ્ચિમી મહારાષ્ટ્રના વાલ્વા ગામે સ્વતંત્રતા સેનાની નાગનાથ અણ્ણા નાયકવડીની પ્રથમ પુણ્યતિથિ પર આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા સપા અધ્યક્ષ મુલાયમસિંહે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં કિસાનોની દુર્દશા માટે પણ કેન્દ્રની નીતિઓ જવાબદાર છે અને તેમણે વિવિધ મુદ્દે કેન્દ્ર સરકારની ટીકાઓ કરી હતી. તેમણે કહ્યું હતું કે, રક્ષા બજેટને વધારવાના જગ્યાએ સરકારે ખેડૂતોના હિતોને પ્રાધાન્ય આપવું જોઈએ. મુલાયમસિંહે કહ્યું છે કે, હવે સમય આવી ગયો છે કે સમાન વિચારધારા અને લક્ષ્ય રાખનાર પાર્ટીઓએ સામાજિક પરિવર્તન માટે એકજૂથ થવું પડશે. ખેડૂતો અને કૃષિ સેક્ટરનું સમર્થન કરનાર ચીન ભારત કરતા ઘણું આગળ નીકળી ગયું છે.

ભારતે પણ અન્ય બાબતો કરતા ખેતીને વધુ મહત્વ આપવું જોઈએ અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવું જોઈએ. કોંગ્રેસ અને યુપીએ સરકાર પર નિશાન સાધનાર મુલાયમની સપાના ૨૨ સાંસદોએ કોંગ્રેસની અધ્યક્ષતા ધરાવતી કેન્દ્ર સરકારને બહારથી સમર્થન આપેલું છે. પાછલા દિવસો દરમિયાન કોંગ્રેસના બેનીપ્રસાદ વર્માએ મુલાયમસિંહની ટીકા અને અભદ્ર ભાષાના પ્રયોગથી મુલાયમ ખાસ્સા નારાજ દેખાય રહ્યા છે. વળી, વિવિધ મુદ્દે પણ કોંગ્રેસ દ્વારા તેમને વધુ મહત્વ ન અપાતા તેઓનો કોંગ્રેસ પ્રતિ મોહભંગ થયો છે.

## પાર્કિંગનો વ્યવસાય કરી બન્યો એન્જિ. કરોડપતિ

બેંગ્લોર,તા. ૨૫

એન્જિનિયરિંગ ડિગ્રીધારક એવા એન.સત્યનારાયણનને લોકો પૂછે છે કે શું કામ કરો છો તો તેઓ સ્વંયને પાર્કિંગવાળો જણાવે છે. ૪૨ વર્ષીય સત્યનારાયણ કહે છે કે ભારતમાં મોટાભાગના લોકો પાર્કિંગ બિઝનેસને બદમાશ લોકોનું કામ માને છે પરંતુ તેમની કંપની સેન્ટ્રલ પાર્કિંગ સર્વિસીસ દેશના મોટા શોપિંગ મોલ, એરપોર્ટ અને મોટા-મોટા લગ્ન સમારોહમાં કાર અને ટુ-વ્હીલર્સ માટે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવે છે, તેઓ ૨૦૦૫માં તેમની કંપની બિલ્ડિંગ કંટ્રોલ સોલ્યુશનનું કામ કરતી હતી. આ કામ કરતાં કરતાં તેમની કંપનીને બિલ્ડિંગમાં પાર્કિંગ મેનેજમેન્ટનું કામ સોંપવામાં આવ્યું. શરૂઆતમાં સારી એવી કમાણીને જોયા બાદ સત્યનારાયણને સંપૂર્ણપણે શોપિંગમોલ, બિલ્ડિંગ અને અન્ય જગ્યાઓએ પાર્કિંગ મેનેજમેન્ટની કામગીરી કરવાનું નક્કી કર્યું અને આ માટેની યોજનાને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. આજે તેમની કંપની ૧૪૦ કરોડ રૂપિયાથી વધુનુ કામકાજ કરતી થઈ ગઈ છે. બેંગ્લોરમાં જ્યારે પ્રથમ શોપિંગમોલ ફોરમ ખૂલ્યો ત્યારે મોલ ડેવલ્પર્સે સત્યનારાયણની કંપનીને પાર્કિંગ સિસ્ટમની જવાબદારી સોંપી હતી તેનાથી તેમને સારી એવી કમાણી થઈ હતી ત્યારબાદ તેમણે પૂણે, દિલ્હી એરપોર્ટ અને અન્ય મોટા શહેરોમાં પાર્કિંગનું કામ શરૂ કર્યું. આ માટે તેઓ પાર્કિંગ સિસ્ટમ ડેવલ્પ કરવા માટે શરૂઆતમાં છથી સાત લાખ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ પણ કરે છે. આજે દેશના ૩૨ શહેરોમાં તેમની કંપની ૬૫,૦૦૦ જેટલા પાર્કિંગને મેનેજ કરે છે.

## બેંગ્લોરની સીટ બનાવતી ફેકટરીમાં આગઃ ૬ના મોત

બેંગ્લોર,તા. ૨૫

બેંગ્લોરની સીટ બનાવતી ફેકટરીના ગોડાઉનમાં અચાનક મોડી રાત્રે આગ ફાટી નીકળતા, ફેકટરીમાં કામ કરતા છ મજુરોના મોત નીપજ્યાં હતાં.

મજૂરો નાઈટ શીફ્ટ પૂર્ણ કરીને ફેકટરીના ગોડાઉનમાં આરમ કરી રહ્યા હતા. અચાનક જ આગ ફાટી નીકળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર મજૂરોને આગ અંગેની જાણ થતા તેઓ સ્વબચાવ માટે ભાગ દોડ કરી મૂકી હતી. મજૂરોના મૃતદેહો તેઓ જે વિસ્તારમાં આરામ કરી રહ્યા હતા ત્યાંથી થોડે દૂરથી મળી આવ્યા હતા.

આગને બુઝાવવા માટે અગિયાર ફાયર બ્રિગેડના ટેન્કર મોકલવામાં આવ્યા હતા. અને ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી આગનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.

## શેન વોટસને છેલ્લા બે વર્ષમાં માત્ર ૬૨૭ રન બનાવ્યા છે

નવી દિલ્હી, તા. ૨૫

શેન વોટસને નિખાલસપણે કબૂલાત કરી છે કે તે હાલ ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે. દિલ્હીમાં અંતિમ ટેસ્ટ મેચમાં કેપ્ટન તરીકેની ભૂમિકા પણ અદા કરી હતી પરંતુ તેમાં પણ તે ફલોપ રહ્યો હતો. ભારતના પ્રવાસ દરમિયાન આ આધારભૂત બેટ્સમેને માત્ર ૧૬.૫૦ રનની સરેરાશ સાથે માત્ર ૯૯ રન બનાવ્યા હતા. તેના અતિ ખરાબ ફોર્મને લઈને પણ ઓસ્ટ્રેલિયન છાવણી પણ ચિંતિત છે. છેલ્લા બે વર્ષમાં શેન વોટસને ૨૪.૧૧ રનની સરેરાશ સાથે ૬૨૭ રન બનાવ્યા છે જેમાં એક પણ સદીનો સમાવેશ થતો નથી. વર્તમાન શ્રેણી દરમિયાન તેના ખરાબ ફોર્મની નોંધ લેવામાં આવી ન હતી કારણ કે તેને એક બોલર તરીકે વધારે પસંદ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ કેપ્ટન માઈકલ કલાર્કે આ શ્રેણીની શરૂઆત પહેલા કહ્યુ હતુ કે સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન તરીકે શેન વોટસન ખેલાડીઓમાં અન્ય પૂલ સાથે સ્પર્ધા કરશે. ટીમમાં સ્થાન મેળવવા માટે તેણે સારો દેખાવ કરવો પડશે. ભૂતકાળમાં શેન વોટસને એકલા હાથે પોતાની ટીમને ઘણી મેચો જીતાડી છે પરતુ શેન વોટસન ભારતના પ્રવાસમાં બિલકુલ ફલોપ રહ્યો છે. વારંવાર ઈજાના પરિણામસ્વરૂપે શેન વોટસન ૨૦૧૧-૧૨ની ઘરઆંગણની શ્રેણીમાં રમ્યો ન હતો. ૨૦૧૨-૧૩માં ઓસ્ટ્રેલિયાની ઘર આંગણેની ટેસ્ટ પૈકી અડધી ટેસ્ટમાં તે રમ્યો હતો. વોટસન તેની બોલિંગ તાકાતને દિનપ્રતિદિન વધુ મજબુત કરવાના પ્રયાસમાં છે. વોટસન આઈપીએલના બીજા તબક્કા દરમિયાન પણ સારા દેખાવ કરવાની ઈચ્છા રાખી ચુક્યો છે. શેન વોટસનને જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમમાં આવ્યો ત્યારે સ્થાન મેળવવા માટે ભારે મહેનત કરવી પડી હતી કારણ કે ઓસ્ટ્રેલિયન ટીમમાં ઘણા ધરખમ ખેલાડીઓ હતા.



## ઈટાલીના નૌસૈનિકો પર પતિયાલાની કોર્ટમાં કેસ ચાલશે

નવીદિલ્હી,તા. ૨૫

દિલ્હી હાઈકોર્ટે બે ભારતીય માછીમારોની હત્યનાઆરોપી ઈટાલીના ૨ નૌસેનિકો પર કેસ ચલાવવાની જવાબદારી ત્યાંના પટિયાલા હાઉસ આદાલતના મુખ્ય મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટોને સોંપી છે. હાઈકોર્ટ સંબંધિ સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર મુખ્ય મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ અમિત બંસલ આ મામલાની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટના ૧૮જાન્યુઆરીના આદેશો અનુરૂપ કેન્દ્રએ ૨૩મી માર્ચે દીલ્હી હાઈકોર્ટને બંને નૌસૈનિકો પર કેસ ચલાવવા માટે એક વિશેષ અદાલતની રચના કરવા જણાવ્યું હતું.

ઈટાલીના બંને આરોપી નૌસૈનિક ૨૨મી માર્ચે ભારત પાછા ફર્યા છે. સુપ્રીમ કોર્ટે તેમને ૪ સપ્તાહ માટે સ્વદેશ જવાની પરવાનગી આપી હતી. ઈટાલી તેઓ સામાન્ય ચુંટણીમાં મતદાન કરવામાટે ગયા હતા. સુપ્રીમ કોર્ટે ઈટાલીની સરકારની એ દલીલ રદ કરી દીધ ીહતી કેઆનૌસૈનિકો પર કેસ ચલાવવાનો મામલો ભારતીય અદાલતના અધિકારક્ષેત્રમાં નથી આવતોકોર્ટે આરોપીઓને દીલ્હી ટ્રાન્સફર કરવા તથા તેમને કેન્દ્ર દ્વારા વિશેષ અદાલતની રચના કરાય ત્યાં સુધી પોતાની કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. ટોચની અદાલતે ૨૨ ફેબ્રુઆરીએ સરકારને પૂછયું હતું કે તે બંને નૌસૈનિકો પર કેસ માટે વિશેષ અદાલતની રચના કરવાના મુદ્દે પોતાના પગલાં પાછા કેમ ખેંચી રહી છે. વીશેષ અદાલતની સ્થાપના માટે મુખ્ય ન્યાયધીશ સાથે સલાહસૂચન કરવાના તેના ૧૮ જાન્યુઆરીના આદેશનું પાલન નહીં કરવાના કેન્દ્રના વલણ અંગે પણ વાંધો ઉઠાવ્યો હતો.

## હવે ફુડ સિક્યુરીટી બિલ ટૂંક સમયમાં વાસ્તવિકતા બનશે

નવી દિલ્હી,તા. ૨૫

કેન્દ્રિય માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ આજે કહ્યુ હતુ કે ખૂબજ સસ્તા રેટમાં લોકોને ચોખા, અનાજ, ઘઉં ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ ધરાવનાર ફુડ સિક્યુરીટી બિલ ટૂંકમાં વાસ્તવિકતા બની જશે. તેમણે કહ્યુ હતુ કે ફુડ સિક્યુરીટી બિલને પસાર કરવા માટે અને આને અમલમાં મુકવા માટે સરકાર કટિબદ્ધ છે અને મહત્વકાંક્ષી આ બિલની જોગવાઈમાં વહેલીતકે અમલમાં મુકવા માટે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. લુધિયાનામાં એક કાર્યક્રમમાં તિવારીએ કહ્યુ હતુ કે કેબિનેટે ગયા સપ્તાહમાં જ સુધારવામાં આવેલા ફુડ સિક્યુરીટી બિલને લીલીઝંડી આપી દીધી છે. આ બિલ ગયા શુક્રવારે લોકસભામાં રજુ કરવામાં આવ્યુ હતુ. તિવારીએ આશા વ્યક્ત કરી હતી કે સંસદ આ બિલને વહેલીતકે પાસ કરી દેશે. ફુડ સિક્યુરીટી બિલ હેઠળ તિવારીએ માહિતી આપી હતી કે ૬૭ ટકા વસ્તી ગરીબીરેખા નીચે જીવે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ગરીબી રેખાની નીચે અને ઉપર જીવતા લોકો માટે ખુબજ ઓછા દરે ચોખા અને ઘઉં ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. ઘઉં અને ચોખા ક્રમશઃ ખુબ ઓછી કિંમતે મળવાથી સીધો ફાયદો ગરીબ લોકોને થશે. ક્રમશઃ પ્રતિકિલો ત્રણ અને બે રૂપિયાના ભાવે ચોખા અને ઘઉં આપવામાં આવનાર છે જ્યારે અન્ય અનાજ પ્રતિકિલો રૂપિયા એકના ભાવે આપવામાં આવનાર છે. દરેક પરિવારને આ રેટ પર દર મહિને ૨૦ કિલોગ્રામ અનાજ લઘુતમ અપાશે. તિવારીએ એમ પણ કહ્યુ હતુ કે ફુડ સિક્યુરીટીને અમલી બનાવવામાં આવ્યા બાદ ગરીબ લોકોને ખૂબ ફાયદો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ફુડ સિક્યુરીટી બિલમાં રહેલી જોગવાઈને લઈને ઘણો વિવાદ ઉભો થઈ ગયો છે. આ બિલમાં રહેલી જોગવાઈ મુજબ સસ્તા દરે અનાજ આપવા માટે વધુ પ્રમાણમાં અનાજના જથ્થાની જરૂર પડશે. આવી સ્થિતિમાં અનાજનો જથ્થો કઈ રીતે ઉપલબ્ધ કરાવાશે તેને લઈને પણ ચર્ચા થઈ છે.

## સમાચાર ઝલક

- સલમાનખાન ને મુંબઇ કોર્ટમાં ચાલતા હીટ એન્ડ રન'વાળા કેસની મુદ્દત પડી, મોટી રાહત મળી.
- ગુજરાતી ફિલ્મ 'ઘગુડરોડ'ને મળ્યો નેશનલ એવોર્ડ.
- રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ગોપાલવાડી ગામની મહિલાઓએ બચત કરીને ગામમાં સ્વચ્છ પાણી પીવા માટેનાં કૂવાની વ્યવસ્થા કરી.
- તા. ૧૫મી એપ્રિલે મુખ્યમંત્રીઓની દિલ્હીમાં મહત્વની બેઠક યોજાશે.
- હોળીમાં હારડા-પતાશાની ખરીદી ઓછી થવા લાગી. પ્રાચીન પરંપરા લુપ્ત થતી જાય છે.
- દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાનમાં ભારતનો ૨૭ વર્ષથી પરાજય થયો નથી.
- ટાટા મોટર્સ પણ વૈશ્વિક મંદીની ઝપટમાં, પ્રોડકશનમાં ૫૦% નો કાપ.
- યોગ શિબિરમાં ધ્યાનમાં મગ્ન ૨૫ લોકો હતા ત્યારે જ તે જગ્યાના મકાનમાં લાખોની ચોરી થઇ !!!
- દિલ્હી પર આતંકી હુમલાના આતંકવાદીની ધરપકડ વિવાદનાં ઘેરામાં.
- તા.૧લી એપ્રિલ ચૂંટણીકાર્ડનાં ગમે ત્યારે સુધારા-વધારા કરવાની સુવિધા મળશે.
- અમેરિકામાં એક મહિલા દરરોજ પ્રાણીઓનું લોહી પીવે છે !!!
- ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનના બંગલામાં ચોરી.
- બર્મામાં મુસ્લિમો અને બૌધ્ધ લોકો વચ્ચે અથડામણ થતાં ૨૦ નાં મૃત્યુ. બૌધ્ધમંદિરો-મસ્જિદોમાં આગ.
- સ્વાઇન ફલૂની સારવાર આપવાનો કોઇ ઇન્કાર કરી શકે નહીં : હાઇકોર્ટ
- ટેક્ષ એકત્ર કરતી/સરકારી કામ કરતી બેન્કો માર્ચ એન્ડિંગમાં ખુલ્લી રહેશે.
- મોડલીંગ બાદ અભિનેત્રીઓ બોલીવુડમાં સફળ રહી - અનુષ્કા શર્મા, ઐશ્વર્યા રાય બચ્ચન, પ્રિયંકા ચોપડા, કેટરીના કૈફ, બિપાશા બાસુ.
- સૂરતના બિલ્ડર કેતન બલદાણીયાને લૂંટી લેનારી મહિલા સીસીટીવીમાં ઝડપાઇ.
- જામનગર-ખંભાળીયા પાસે પાટા ઉપર પથ્થર મુકીને ટ્રેન ઉથલાવવાનું કાવતરૂં.
- લક્સ, હમામ, લીરીલ, રેક્સોના, ડવ સાબુ મોંઘા થયા.
- ટીવીમાં હવે દર કલાકે ૧૨ મીનીટ જ જાહેરાતો બતાવી શકાશે ?